જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૨/૨૦૧૬ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-

## અમદાવાદ શહેરના નરોડા વિસ્તારના રણાસણ પાટીયા પાસે રીંગ રોડ ઉપર રીક્ષામાં બેસાડી વિદેશી યુવતી પાસેથી ચીલઝડપ કરનાર ગેંગને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવવા તથા અમદાવાદ શહેરમાં થતી રોકડની ચીલ ઝડપ ના બનતા ગુન્હાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારૂ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી રાહુલ પટેલ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડના પોલીસ ઈન્સપેક્ટર શ્રી એસ.એલ.ચૌધરી નાઓની રાહબરી હેઠળ પો.સ.ઈ.બી.એચ.કોરોટ તથા સ્ક્વોર્ડના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે તા-૦૯/૧૨/૨૦૧૬ ના કલાક.૧૯/૪૫ વાગ્યે અમદાવાદ દાસ્તાન સર્કલ પાસે આવેલ ૧૦૮ સેન્ટર પાસેથી જાહેર રોડ ઉપરથી (૧) પંકજ રાજેશભાઈ શર્મા ઉ.વ.૨૪ (૨) રાજ દિલવર શેખ ઉર્ફે રાજ શર્મા ઉ.વ.૨૦ (૩) રવીન્દ્ર પ્રવિણભાઈ પટેલ ઉ.વ.૨૯ (૪) પ્રતિક ઉર્ફે પિન્ટુ વિનોદભાઈ ગૌસ્વામી (૫) રમેશભાઈ રમણભાઈ પ્રજાપતિ ઉ.વ.૩૨ ને ગુન્હામાં વપરાયેલ એક ઓટોરીક્ષા તથા બે મોટરસાઈકલ તથા મોબાઈલ ફોન નંગ-૫ તથા રોકડા રુપિયા ૯૯૦૦/- સાથે ઝડપી પાડેલ છે.

સદરી આરોપીઓની યુક્તિ પ્રયુક્તિ થી પુછપરછ કરતા જણાવેલ કે “ પોતે પોતાના મિત્ર ગુલાબ રામવલ્લભ બહેરા રહે. રાઘવ રેસીડન્સી નરોડા અમદાવાદ નાઓના કહેવાથી અને તેના બનાવેલ પ્લાન મુજબ વિદેશી યુવતીને એરપોર્ટ જવા સારુ રીક્ષામાં બેસાડી રીક્ષા રણાસણ પાટીયા રીંગ રોડ ઉપર ઉભી રાખી બાકીના આરોપીઓ મોટરસાઈકલ ઉપર આવી આ વિદેશી યુવતીનુ પર્સ ઝુંટવી લઈ તેને રીક્ષામાંથી ઉતારી દઈ પર્સ લઈ ભાગી ગયેલ જેમાં યુવતીના રૂ.૩૦,૦૦૦/- રોકડા તથા એક સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન હતો જે આ કામના આરોપી ગુલાબ રામવલ્લભ બહેરા નાઓ પાસે છે અને પોતાને આ કામ કરવા સારુ ગુલાબ માતબર રકમ આપતો હોવાની પણ કબુલાત કરેલ છે અને આ પકડાયેલ આરોપીઓ માંથી પંકજ શર્મા એમ.પી.ખાતેનો વતની છે અને રાજ શર્મા આસામ ખાતેનો વતની છે અને આ પકડાયેલ આરોપીઓ બીજા ગુન્હામાં સંડોવયેલ છે કે કેમ? તે દિશામાં વધુ તપાસ પો.સ.ઈ.શ્રી બી.એચ.કોરોટ નાઓએ હાથ ધરેલ છે. સદરી આરોપીઓનો કોઈ ગુનાહીત ભુતકાળ નથી સદરી આરોપીઓએ આચરેલ ગુન્હા સબંધે નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં. ૧૮૦/૨૦૧૬ ઇપીકો ૩૭૯,૩૫૬,૧૧૪ થી ગુન્હો દાખલ થયેલ હોય આરોપીને વધુ તપાસ સારૂ નરોડા પોલીસને સોપવા તજવીજ કરેલ છે.








Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)